ડૉ.કે.જી.પટેલ.

(પી.ટી.સી.,એમ.એ.બી.એડ.,એમ.ફીલ.,પીએચ.ડી.)

અધ્યક્ષ,ઈતિહાસ વિભાગ,

એમ.એન.કોલેજ,વિસનગર

# વિજાપુર વૃતાંત

કર્નલ ટોડના જણાવ્યા પ્રમાણે અયોધ્યામાં પહેલા રાજા મનુનો શ્રીરૂષભદેવનો પુત્ર ભરત ઈક્ષ્વાકુ વંશનો પહેલો રાજા થયો. તેની ૫૭(સત્તાવન)મી પેઢીએ રામચંદ્ર થયા. તેની પાટે ત્રેસઠમો કનકસેન રાજા થયો. તે કોશલનું રાજય છોડી વિરાટ જઈ વસ્યો. કનકસેને પરમારવંશના રાજા પાસેથી રાજય ખુંચવી લીધ અને વડનગરની સ્થાપના કરી. કનકસેનનો મહામદનસેન પુત્ર થયો. તેનો પુત્ર સુદંત રાજા થયો, તેનો પુત્ર વિજયસેન થયો. તેણે વિજયપુર(વિજાપુર), વિદર્ભ અને વલ્લભીપુર વસાવ્યાં. વિજયપુરનું વિજલદેવ પછી તેરમા સૈકામાં સંસ્કૃતમાં વિદ્યાપુર એવું નામ પડયું. અપભ્રંશ થતાં વિજાપુર નામ થયું.[૧]

વિક્રમાદિત્ય પહેલાના રાજયમાં ચાલુકયવંશની એક શાખા દક્ષિણ ગુજરાત–લાટ પ્રદેશ પર સ્થપાઈ. વિક્રમાદિત્યે તે દેશ પોતાના નાના ભાઈ પુલકેશીના પુત્ર જયસિંહ વર્માને આપ્યો. ખેડામાં મળી આવેલું ગુજરાતના ચાલુકયોનું તમ્રલેખનું દાનપત્ર કે જેનું ભાષાંતર પ્રો.ડાઉસને કર્યુ છે. તેમાં ત્રણે રાજાઓના નામ આવે છે. જયસિંહરાજ, બુદ્ધવર્મારાજ અને વિજયરાજ.[૨]

રા.રા.ગોવિંદભાઈ હાથીભાઈ કૃત ગુજરાતના પ્રાચીન ઈતિહાસપત્ર ૯૮માં નીચે પ્રમાણે લખ્યું છે :

‘‘ખેડામાંથી બુદ્ધવર્માના પુત્ર વિજયરાજનું તામ્રપત્ર મળી આવ્યું છે. તેમાં વિજયપુરથી જંબુસરના બ્રાહમણોને દાન આપ્યાની હકીકત છે અને તે વિજયપુરમાં (વિજાપુરમાં) તામ્રપત્ર લખી આપ્યું છે.(ગુપ્ત સં.–૩૯૪) ચૌલુકય જયસિંહવર્માનો પુત્ર બુદ્ધવર્મા અને બુદ્ધવર્માનો પુત્ર વિજયરાજ એ પ્રમાણે વંશવાલી છે. જયસિંહવર્મા પછી તેનો બીજો પુત્ર ગાદીએ બેઠો(ઈ.સ.૭૩૧). વિજયરાજનો સમય ઈ.સ.૭૧૩ લગભગ આવે છે. તેથી વિજાપુર વિક્રમસંવત આઠમા સૈકા પૂર્વેનું તો આ લેખથી સિદ્ધ થાય છે. કારણકે આ લેખની પૂર્વે તે હોવું જોઈએ એટલે તે વિક્રમની સાલ પહેલાંનું હોય એમ લાગે છે.’’

કવિ દીપવિજય બહાદરે સુધર્મગચ્છ પટ્ટાવલી ગ્રંથમાં વિ.સં.૯૨૭માં વિજાપુર વસ્યું એમ જે લખે છે તે ચાવડા રત્નાદિત્ય રાજાના લગભગના વખતમાં વિજાપુરનો જિર્ણોદ્ધાર કર્યો તેથી તે વસ્યું એમ સમજવું રહયું.[૩] રત્નાદિત્ય રાજાએ વિજાપુરમાં કુંડ કરાવ્યો એવું બુદ્ધિસાગર મહરાજ નોંધ છે.[૪]

સુધર્મગચ્છ પટ્ટાવલી રાસમાં વિ.સં.૯૨૭માં વિજાપુર વસ્યું એમ લખ્યું છે. સંઘપુરના શિલાલેખમાંના ૭૯ અને ૮૦મા શ્લોકથી એમ સિદ્ધ થાય છે કે પરમાર કુલેન્દુ બાહડદેવે પોતાના

પિતા વિજલદવનો યશ ફેલાવવાની ઈચ્છાથી વિજાપુર કર્યુ. અર્થાત વિજાપુરનો જિર્ણોદ્ધાર કર્યો. કેટલાક વૃદ્ધોની કિવદન્તી પ્રમાણે વિ.સં.૧૨૫૬ વૈશાખ સુદ ત્રીજે વિજલદેવે વિજાપુર વસાવ્યું. વસતીથી છિન્ન ભિન્ન થવા આવેલી નગરીને પુનઃ કોટ કરાવી રક્ષણ આપીને સ્થાપવી તે જીર્ણોદ્ધાર કર્યો એવો તેનો અર્થ નીકળે છે.

મુસલમાનોના રાજયકાળમાં જૂના વિજાપુરની ઠેઠ પાસે કોટને કાંગરે આથમણી દિશાએ પાસેજ નવું વિજાપુર વસ્યું. તેવી રીતે પૂર્વના ત્રીજા વખતના વિજાપુરના જીર્ણોદ્ધારમાં સમજવું જોઈએ. વિ.સં.૮૦૨થી વિજાપુરમાં પાટણમાંના ચાવડા રાજાઓની સત્તા પ્રવર્તતી હતી. ચાવડાઓના રાજય પછી મૂળરાજ, દુર્લભરાજ, ભીમ, કર્ણરાજ, સિદ્ધરાજ, કુમારપાળ વગેરે રાજાઓની સત્તા વર્તતી હતી. વિ.સં.૧૨૭૦ લગભગથી વિજાપુરમાં વાઘેલા વંશના વીરધવલ રાજાની સત્તા પ્રવર્તતી હતી. જૈન કોન્ફરન્સ હેરેલ્ડ માસિકના વિ.સં.૧૯૭૦ના દિવાળીના ખાસ અંકમાં એક જૈનાચાર્યકૃત પ્રાચીન જૈન પટ્ટાવલી રા.મો.દ.દેસાઈ મારફત છપાવવામાં આવી છ. તેમાં લખ્યું છે કે–''વસ્તુપાલ અને તેજપાલે વિજાપુરમાં ચિંતામણી પાર્શ્વનાથના દેરાસરનો જીર્ણોદ્ધાર કર્યો છે. એ લેખ પરથી એ સિદ્ધ થાય છે કે તે લગભગ પાંચસે–સાતસે વર્ષ પૂર્વેનું હોય ત્યારે તે જીર્ણ થાય. તે લેખ પરથી પણ વિજલદેવના પૂર્વકાલનું અને વિજયરાજે વિજાપુરમાં ખેડાવાળું તામ્રપત્ર કરી આપ્યું તે પૂર્વેનું વિજાપુર છે એમ સિદ્ધ થાય છે. વસ્તુપાલ અને તેજપાલના લગભગ સમકાલીન પરમાર વિજલદેવ અને બાહડદેવ હોય એમ કલ્પના થાય છે. વિજલદેવ પરમારના સમયમાં ચિંતામણી પાર્શ્વનાથના દેરાનો જીર્ણોદ્ધાર કર્યો, તેથી વિજાપુરની તેમજ ચિંતામણી દેરાસરની ઘણી પ્રાચીનતા સિદ્ધ થાય છે.[૫]

બ્રહ્મર્ષિ નામના આચાર્ય રચિત સૌધર્મગચ્છ વ્યાખ્યાનમાં લખે છે કે **विजाउर नयरंमि य, तवामंग देवभद्दाओ, ।। विद्यापुरनगरे च तपामतं देवभद्रात** દેવભદ્રસુરીથી વિજાપુરમાં તપાગચ્છ થયો. ગુજરાતના પ્રધાન વસ્તુપાલ અને તેજપાલના ગુરુ શ્રી ભુવનચંદ્રસુરી વિજાપુરમાં પધાર્યા હતા.

વિજાપુરમાં પહેલા અફીણનો વ્યાપાર ચાલતો હતો. વિજાપુરમાં બ્રાહ્મણો, વહોરા, વાણિયા, ભાટ, સૂતાર, કડિયા, સથવારા, દરજી, કણબી, કંસારા જેવી દરેક કોમના લોકો વસતા હતા. ઈ.સ.૧૮૫૦ આસપાસમાં વ્યાપારમાં લાભ નહીં મળતાં વિજાપુરના જૈનો અમદાવાદ, મુંબઈ, પુના, વડોદરા, સુરત અને દક્ષિણના ગામોમાં જતા. વિજાપુરમાં બી.એ.સુધી અભ્યાસ કરનારા દેસાઈ છોટાલાલ ધોળા તથા ચુનીલાલ દુર્લભ હતા. મોટાભાગના લોકો ખેતી અને વૃક્ષોથી આજીવિકા ચલાવતા. ઈ.સ.૧૯૧૧માં વિજાપુર તાલુકાની કુલ વસતી ૧,૧૦,૯૧૩ની હતી. જયારે વિજાપુર ગામની વસતી ૬૪૦૮ હતી. ઈ.સ.૧૯૨૧માં તાલુકાની વસતી વધીને ૧,૧૭,૪૮૨ની નોંધાઈ હતી.

સ્થાપત્ય :–જૈન સ્થાપત્ય :– ગુજરાતના વાઘેલા વીરધવલરાજાના મંત્રી વસ્તુપાલ–તેજપાલે વિ.સં.૧૨૮૫માં વિજાપુરમાં ચિંતામણી પાર્શ્વનાથના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.[૬] આ નોંધ પરથી કહી શકાય કે આ મંદિર વિ.સં.૧૨૮૫ પહેલાં પાંચસે–સાતસે વર્ષ ઉપર બંધાવેલુ હશે.

સલ્તનત સમયે કેટલાક દેરાસર તથા મંદિરો તોડવામાં આવેલ. એટલુંજ નહીં તે પથ્થરોનો ઉપયોગ કરી મસ્જિદો બાંધવામાં આવેલી.

જૈન દેરાસરોમાં સર્વથી જૂનું વિજાપુરમાં પદ્માવતીના નામે પ્રસિદ્ધ જૈન દેરાસર છે. જૂના વિજાપુરમાં પદ્માવતીનુ દેરાસર હતું. મહાવીર સ્વામીનું દેરાસર હતુ તે રત્નાકર ગચ્છના આચાર્યશ્રી હેમચંદ્રના શિષ્ય શ્રીજિનતિલકજીએ ગુજરાતી ભાષામાં ચૈત્ય પરિપાટી લખી છે તેના આધારે તે સિદ્ધ થાય છે. મુનિશ્રો જિનવિજયજીએ ચૈત્યપરિપાટી છપાવી છે તેમાંથી કેટલીક પદ્ય પંકિત નીચે પ્રમાણે છે :

**विजापुर विसलपुर ब्रह्माणि-थिरोड उवेसितु रहियठाणि,**

**साचुर मोढेरा प्रमुख ठामि, लीणे छुं ताह्वरे वीरनामि**

શ્રીજિનતિલકજીએ વિજાપુર, વિસલપુર, બ્રાહ્મણ, થિરોડ, સાચોર, મોઢેરા, પ્રમુખ ઠામે વીરપ્રભુની પ્રતિમાનાં દર્શન કર્યા છે. તેથી જુના વિજાપુરમાં વીરપ્રભુનું મોટું દેરાસર સિદ્ધ થાય છે. પણ તેને સલ્તનતકાળ સમયે તોડી નાખવામાં આવેલું.

વખારીયા શેઠ શીરચંદ રૂપચંદે વિ.સં.૧૯૩૦–૩૨માં શ્રીવાસુપુજય સ્વામીનું દેરાસર બંધાવ્યું. શેઠ બેચર શીરચંદના ગુમાસ્તા તરીકે વખારીયા શીરચંદ હતા.[૭]

વિજાપુરમાં પ્રખ્યાત વિશાશ્રીમાળી શેઠ બેચરદાસ શીરચંદ વિ.સં.૧૮૭૨ની સાલમાં ચોથીયાના કોટમાં શ્રી શાન્તીનાથજીનું શીખરબંધો દેરાસર બંધાવ્યું. તેમાં એક ભોંયરૂ હતું.

સુરતી વિશાશ્રીમાળી શા.મૂળચંદ હિરાચંદની વિધવા શ્રાવિકા તેજકોર ઊર્ફે નવી કાકીએ શ્રી કંથુનાથજીનું દેરાસરની પ્રતિષ્ઠા વિ.સં.૧૮૬૬માં થયેલી. આ રીતે અનેક જૈન મંદિરો સમયાંતરે બનતાં રહયાં અને તૂટતાં રહયાં.

અન્ય મંદિરો :–પરમાર વિજલદેવ રાણા જયારે વિજાપુરમાં આવ્યો ત્યારે પોતાની કુળદેવી વિન્ધ્યવાસિની દેવીની મૂર્તિ સાથે લાવ્યો હતો. તેણે મૂર્તિ સ્થાપી મંદિર બાંધ્યું. પણ પાછળથી મુસલમાન બાદશાહોએ ભાંગ્યું તે પછી ત્યાં નાની દેરી મસ્તક પ્રમાણવાળી લોકોએ કરેલી હતી. વિ.સં.૧૯૪૩માં તે દેરીને ઠેકાણે મોટું મંદિર કરવામાં આવ્યું.

મકરાણી દરવાજા પાસે ઠાકરડા વાસમાં નીલકંઠ મહાદેવનું ઉગમણી દિશાનું મંદિર છે. અમદાવાદના શેઠ સોમનાથભાઈ રૂપજીભાઈ તરફથી સં.૧૯૭૪ ચૈત્ર સુદિ ૮ સ્થાપના કરી છે.

ગાયકવાડ તરફથી નિમાયેલા કાઠિયાવાડના વિઠોબા દિવાનજીએ વિ.સં.૧૮૮૫માં કાશીપરાની દક્ષિણ દિશાએ તથા હાલની પાંજરાપોળની ઉત્તર દિશાએ કાલિકામાતાનું મંદિર બંધાવ્યું. તેની દક્ષિણી બ્રાહ્મણ પૂજા કરતા હતા. નવરાત્રીમાં હિંદુ સ્ત્રીઓ ત્યા ગરબા ગાતી.

વિજાપુરમાં દેસાઈ પિતાંબરદાસ જોઈતાના પૂર્વજોને ઔરંગઝેબ બાદશાહે દેસાઈગીરીની સનદ આપેલી જે ફારસી ભાષામાં લખાયેલી હતી.

લાલદરવાજાની લગેલગ વરાહસ્વરૂપની મૂર્તિનું મંદિર છે. એક મૂર્તિમાં વિષ્ણુંના દશઅવતારોનું આલેખન છે. મૂર્તિ આરસ પહાણની છે. વિ.સં.૧૯૭૬માં વડોદરા ગાયકવાડના દિવાન શ્રીયુત મનુભાઈ તેમની માતાજી સાથે વિજાપુરમાં આવ્યા ત્યારે તેમણે સરકારના ખર્ચે નવુ મંદિર બાંધવાનો હુકમ આપ્યો હતો.

શ્રીમાળીવાડામાં પ્રવેશતાં પ્રથમ જમણા હાથે મહાલક્ષ્મીનું નાનું દેવળ હતું. તેને વિ.સં.૧૯૭૪માં કંસાર શેઠ સાકરચંદ નથુભાઈ વગેરેએ ટીપ કરીને મધ્યમઘાટનું દેવળ બંધાવ્યું.

નવાકાશીપુરામાં સ્વામીનારાયણનું મંદિર છે. વિ.સં.૧૯૨૫ લગભગમાં તે બનાવેલું. ત્યાં સ્વામીનારાયણ પંથના સાધુઓ ઉતરતા હતા.

વિ.સં.૧૯૦૬માં લગભગનું દોશીવાડામાં રાધાકૃષ્ણનું મંદિર બંધાવેલું.

વિ.સં.૧૯૪૦માં શેઠ હાથીભાઈ મુલુકચંદ, દોશી ભવાન મૂલચંદ વગેરેએ આગેવાની ભર્યો ભાગ લઈ ખોડાઢોરોની પાંજરાપોળ બંધાવી હતી. પાંજરાપોળના નિભાવ માટે ખેતરો તથા દુકાનો જૈનો તરફથી આપવામાં આવેલી.

શૈક્ષણિક સંસ્થાઓ :– ગાયકવાડી શાસનમાં એક અંગ્રેજી શાળા સરકાર તરફથી વિ.સં.૧૯૬૬ લગભગમાં સ્થાપવામાં આવી. વિ.સં.૧૯૭૬–૭૭માં પાંચમુ ધોરણ કાયમ કરવા શેઠ લલ્લુભાઈ ગીરધરલાલે ઉદાર સખાવત કરેલી. અંગ્રેજી શાળામાં શારિરીક શિક્ષણનું જ્ઞાન આપવા પણ એક શિક્ષકની નિમણૂંક કરવામાં આવેલી. વિજાપુરમાં ગુજરાતી શાળા ખત્રીકૂવા પાસે ચાલતી. તે ઈ.સ.૧૯૦૭–૦૮માં બાંધવામાં આવેલી. પહેલાં છોકરાઓની શાળા પટવાવાડમાં પાડેચીઆના મકાનમાં હતી. સરકારી શાળા સ્થપાઈ તે પહેલા ધનેશ્વર પંડયાની ગામઠી નિશાળો હતી. વિજાપુરમાં કન્યાશાળા પણ શરૂ કરવામાં આવેલી. આ ઉપરાંત ઉર્દૂશાળા, ઉર્દૂ કન્યાશાળા, અત્યંજશાળા વગેરે શાળાઓ ચાલતી હતી. વિ.સં.૧૯૭૨માં શેઠ મગનલાલ કંકુચંદની બોર્ડિંગ ચાલુ કરવામાં આવેલી. તે અંગ્રેજી શાળા અંગેની હતી. ખાનગી મદદથી ચાલતી હતી. ઈ.સ.૧૯૧૩–૧૪માં વિજાપુરમાં સાર્વજનિક લાયબ્રેરી પણ સ્થાપવામાં આવેલી.

<u>સંદર્ભ ગ્રંથ સૂચી :–</u>

૧. ફાર્બસ રાસમાળા,
૨. ડૉ.ભાંડારકર,‘‘દક્ષિણનો પૂર્વ સમયનો ઈતિહાસ’’પત્ર–૯૩
૩. કવિ દિપવિજય બહાદૂર,‘‘સુધર્મ ગચ્છ પટ્ટાવલી’’
૪. જૈનાચાર્ય બુદ્ધિસાગર સુરીશ્વરજી ,‘‘વિજાપુર બૃહદવૃતાંત’’,શ્રી અધ્યાત્મકજ્ઞાન પ્રસારક મંડળ,મુંબઈ–૧૯૨૫.પૃ–૫
૫. એજન–પૃ–૬
૬. દેસાઈ મોહનલાલ દલીચંદ, ‘‘જૈન કોન્ફરન્સ હેરલ્ડ’’
૭. જૈનાચાર્ય બુદ્ધિસાગર સુરીશ્વરજી , પૂર્વોક્ત–૪, પૃ.–૬